**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૭ ટકા

# ગાંધીનગરમાં નેશનલ લોક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૨૦

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં આગામી તા.૧૦ એપ્રિલના રોજ નેશનલ અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ મુજબ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પ્રથમ માળ ન્યાયમંદિર સેકટર-૧૧ ગાંધીનગર દ્વારા તા.૧૦ એપ્રિલ ૨૦૨૧ જિલ્લા-તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નીચે મુજબના કેસો મુકવામાં આવશે. જેમાં સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટ-૧૩૮ ના કેસ, બેન્કના લેણાના દાવા, મોટર અકસ્માત વળતરના કેસ, લેબરને લગતા કેસ, ઈલેકટ્રીસીટી તેમજ પાણીના વેરાના કેસ, લગ્ન વિષયક કેસ (છુટાછેડા સિવાયના), જમીન સંપાદન કેસ, પે, અલાઉન્સીસ અને રીયાલરલ બેનીફીટસને લગતી સર્વિસ મેટર, રેવન્યુ અન્ય સિવિલ કેસ નો સમાવેશ થાય છે.

જે પક્ષકારોને કોર્ટમાં ઉપરોકત દર્શાવેલ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતી કલોલ, માણસા અને દહેગામ અને ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર રૂમ નંબર ૧૦૧ પ્રથમ માળ ન્યાયમંદિર સેકટર-૧૧ ખાતે સંપર્ક કરવો.





કોરોના કાળમાં શાળાઓ છેલ્લા ઘણા સમયથી બંધ છે. આવા કપરાં સમયમાં સૌથી વધુ તકલીફ સ્કૂલવાન ચાલકોને પડી રહી છે. રોજગારીનો પ્રશ્ન તેઓ માટે વિકટ બન્યો છે. શહેરની પ્રતિષ્ઠિત માઉન્ટ કાર્મેલ સ્કૂલના સંચાલકોએ આ કપરી પરિસ્થિતિમાં સ્કૂલવાન ચાલકોને અનાજ-કરિયાણાની કીટનું વિતરણ કર્યું હતું. શાળા સંચાલકોની આ સેવા-સહકાર બદલ સ્કૂલવાન ચાલકોએ શાળા સંચાલકોનું શાલ ઓઢાડી તથા બુકે આપી સન્માન કર્યું હતું.

# મહિલાની સમય સુચકતાથી મોબાઈલ બચી ગયો

ગાંધીનગર, તા.૨૦

આજના જમાનામાં ધરમ કરતા ધાડ પડે તે કહેવતને સાર્થક કરતો કિસ્સો સામે આવ્યો છે. સેકટર-૨૧ આર વર્લ્ડ પાસે બાઈક પર આવેલા બે શખ્સોએ મોબાઈલમાં બેલેન્સ નથી તેમ કહીને નજીકમાં કામ કરતા શ્રમિક પરિવારનો મોબાઈલ વાત કરવા માટે લીધો હતો. શ્રમિકનો દોઢ વર્ષિય દિકરો ચાલતો ચાલતો આગળ નીકળી જતા શ્રમિક તેને લેવા માટે ગયો હતો. તે સમયે બે યુવકો બાઈક ચાલુ કરીને પલાયન થઈ ગયા હતા. તે સમયે પરિસ્થિતિ પામી જતા મહિલા શ્રમિકની નજર પડતા તેણે બાઈકનો પીછો કરી બહાદુરી બતાવી કુદકો મારી પાછળ બેઠેલા શખ્સનો થેલો પકડી પાડ્યો હતો. જેથી બાઈકનું બેલેન્સ જતા યુવકો નીચે પટકાયા હતા. જેથી પાછળ બેઠેલા યુવકના હાથમાં રહેલ મોબાઈલ નીચે પડી ગયો હતો. યુવકોને પકડવા માટે જતા પહેલા તેઓ બાઈક મુકીને ભાગી ગયા હતા. બાઈક ચાલક યુવક આશરે ૨૦ વર્ષનો તેમજ પાછળ બેઠેલો યુવક ૩૦ વર્ષનો લાગતો હતો. બનાવની જાણ થતા સેકટર-૨૧ પોલીસ પણ દોડીને આવી ગઈ હતી.જયારે પોલીસે નંબર વિનાના બાઈકને જપ્ત કરી લલિતાબેન ડામોરની ફરીયાદ નોંધી યુવકોને પકડી પાડવા માટે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વનશ્રી ટ્રસ્ટ દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં વનશ્રી ટ્રસ્ટ દ્વારા છેલ્લાં ૧૮ વર્ષથી વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ અંતર્ગત આધારશિલા કેમ્પસ ખાતે આજે ૩૦થી વધુ ચકલીઘર લગાડવામાં આવ્યાં હતાં.

આ વર્ષે વનશ્રી ટ્રસ્ટ દ્વારા ચકલીના માળાનું વિતરણ ચાલુ છે. જો કોઈ નાગરિકને ચકલીના માળા જોઈતા હોય તો તેમણે સેક્ટર ૪બીમાં પ્લોટ નં.૫૩૦/૨ ખાતેથી સવારે ૭ થી ૧૦ અથવા સાંજે ૫ થી ૮ વાગ્યા દરમ્યાન વિના મૂલ્યે જરુરિયાત મુજબ મેળવી શકાશે. જો કોઈ કોલેજ, શાળા, મહિલા મંડળો કે સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છે તો તેમના પરિસરમાં ચકલીઘર લગાડી આપવામાં આવશે. ગાંધીનગરમાં ચકલીનો કિલકિલાટ પુનઃ ગૂંજી ઉઠે તે માટે સંસ્થાના એમડી અંજના ચૈતન્ય નિમાવત સહકાર આપી રહ્યાં છે.








જિલ્લા પંચાયત દ્વારા કોબા ખાતે વેકિસનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સુઘડ દવાખાનાના સ્ટાફે આ કેમ્પમાં સરાહનીય કામગીરી કરી હતી. કોબાના પૂર્વ સરપંચ યોગેશ નાયીએ સૌનો આભાર વ્યકત કર્યો છે.

# ગુજકોસ્ટના સહયોગથી બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં 'હવામાન પરિવર્તન અને ટકાઉ વિકાસ' વિષય પર વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર-માણસા રોડ પર આવેલા બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી માં મેકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ, દ્વારા ગુજકોસ્ટ વેબિનાર 'મેન્યુફેક્ચરિંગ એક્સેલન્સ' નું આયોજન તા.૧૫ અને ૧૬ માર્ચ ૨૦૨૧ ના રોજ બે દિવસ માટે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો હેતુ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓમાં ડિઝાઈનિંગ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર વિશે રસ વધારવાનો હતો. એડિટિવ મેન્યુફેક્ચરિંગની જાગૃતિ (ત્રણ ડી પ્રિન્ટીંગ ટેકનોલોજી) અને ઘણા વધુ એડવાન્સ સોફ્ટવેરનું વિદ્યાર્થીઓને નિદર્શન કરાયું વર્કશોપમાં આશરે ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઈ-લર્નિંગ ના માધ્યમથી કોલેજ ના વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો કરવા બદલ કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધવર્યુએ સમગ્ર મેકેનિકલ એન્જિનિયરિંગ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

## જાયન્ટસ ગ્રુપ ગાંધીનગર દ્વારા રકતદાન શિબિર યોજાઈ




ગાંધીનગર, તા.૨૦

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન/સાહેલી તથા કલથીયા એન્જી. એન્ડ કન્સ્ટ્રકશનના સંયુકત સહયોગથી તાજેતરમાં સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. થેલેસેમિયાના દર્દીઓના લાભાર્થે પ્રથમના બ્લડ બેંકના સહયોગથી આ રકતદાન શિબિર યોજાઈ હતી. જેમાં કંપનીના સ્ટાફના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સેવાયજ્ઞમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલે પણ હાજરી આપી હતી. બ્રાન્ચ પ્રમુખ બી.એમ. પટેલ, મેઈન ગ્રુપના પ્રમુખ વિકેશ પટેલ, બ્રાન્ચ સેક્રેટરી નટુભાઈ પટેલ, રમેશભાઈ પટેલે પણ ઉત્સાહપૂર્વક સેવાયજ્ઞને સફળ બનાવ્યો હતો.

## આજે લોકસાહિત્યના બે ગ્રંથોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

લોકસાહિત્યના જાણીતા પ્રવીણ શ્રીમાળી દ્વારા લોકસાહિત્યના બે ગ્રંથો તૈયાર કર્યા છે. જેમાં ગુરુ બ્રાહ્મણ લોકસંતો તથા ગુરૂબ્રાહ્મણ અને તૂરી બારોટ સમાજની શબ્દસંપદાનો લોકાર્પણ સમારોહ તા. ૨૧ માર્ચ ૨૦૨૧ને રવિવારે બપોરે ૩ વાગે ડૉ. આંબેડકર હોલ ગાંધીનગર ખાતે યોજાશે. સમારોહના અધ્યક્ષસ્થાને પ્રવીણ ગઢવી (આઈએએસ) પ્રમુખ, ગુજરાતી દલિત સાહીત્ય અકાદમી, વિમોચન કર્તા લબ્ધપ્રતિષ્ઠ સર્જક અને સંત સાહિત્યના મર્મી (અધિક માહિતી નિયામક-નિવૃત્ત), ડૉ. દલપત પઢિયાર, લેખક અને પત્રકારશ્રી નટુભાઈ પરમાર, ઈતિહાસકાર પી.એ. પરમાર, મથુરાપ્રસાદ શ્રીમાળી-વિખ્યાત આખ્યાનકાર સામાજિક અગ્રણીઓ સર્વશ્રી ભકિતપ્રસાદ શ્રીમાળી (કડી), ઝીણાભાઈ દવે (પેથાપુર) અને લોકકવિ વશરામ કવિ (હાલોદ) ઉપસ્થિત રહેશે. કંઠસ્થ પરંપરાના આ લોકસાહિત્ય અવસરે પધારવા સૌ પ્રેમીઓને આમંત્રણ પાઠવ્યું છે. કાર્યક્રમ સંચાલન કવિશ્રી રમણ વાઘેલા અને વસંત જાદવ કરશે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિશ્વ ચકલી દિવસ ઉજવણી નિમિત્તે માટીના ચકલી ઘર વિતરણ કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા.૨૦

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનના વિકાસની સાથે સાથે પર્યાવરણની જાળવવી અંગે જાગૃતતા કેળવાય તે હેતુથી વિવિધ પર્યાવરણીય દિવસોની ઉજવણી કરવામાં આવે છે. ચકલી આપણા પર્યાવરણનો અગત્યનો ઘટક છે. ચકલી અને ચકલી કુળના અનેક પક્ષીઓની પેઢીણે બચાવવા માટે વિશ્વ સ્તરે પ્રયાસો થઈ રહ્યા છે. માનવીય પ્રવુંતિઓને કારણે ચકલીઓ લુપ્ત થતી જાય છે. તેના ભાગ રૂપે ૨૦ માર્ચ ને ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણીના ભાગ રૂપે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જે અંતર્ગત આજે માટીના ચકલીના ઘર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ કલબના વિદ્યાર્થીઓ તેમજ નાગરિકો મોટી સંખ્યામાં ચકલી ઘર વિતરણ કાર્યક્રમમાં જોડાયા હતા.

આ દિવસની ઉજવણી અંતર્ગત એમ.બી. પટેલ કન્યા વિદ્યાલય, સેકટર-૨૩ની વિદ્યાર્થીનીઓ માટે ચકલીઓનું આશ્રય સ્થાન એવા ચકલી ઘર બનાવવાના ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર ડો.અનીલ પટેલ દ્વારા ચકલીનું મહત્વ અને તેના ઉજવવા પાછળના ઈતિહાસની પણ રસપ્રદ માહિતી આપી હતી. સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા દ્વારા વિદ્યાર્થીનીઓને પૂઠા, નાના નક્કામાં બોક્ષમાંથી આકર્ષક ડીઝાઈનના ચકલીના ઘર કઈ રીતે બનાવી શકાય તેનું નિદર્શન કર્યું હતું. ચકલી ઘર પર આકર્ષક રંગ પુરણી કરીને તેને વધુ સુંદર બનાવી શકાય તેવી રીત શીખવી હતી. આ કાર્યક્રમમાં એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળાની ૯૬ વિદ્યાર્થીનીઓ, શાળાના આચાર્ય શ્રીમતી નીરૂબેન પટેલ તેમજ મોટી સંખ્યામાં શિક્ષકો જોડાયા હતા.




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ધોરણ-૩ **English medium**માં અભ્યાસ કરતા ચિત રાજેશભાઈ મહેતાને લોંગેસ્ટ એન્ડ ફાસ્ટેટ રેમ્પવોકમાં અમદાવાદ અને ગોવા ખાતે 'રેકોર્ડ ઓફ ઈન્ડિયા'માં સ્થાન પ્રાપ્ત થયું છે. જે સ્પર્ધામાં ૫૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ચિત મહેતા વિજેતા બન્યા હતા. શાળાના ટ્રસ્ટી શ્રી તથા આચાર્યશ્રી તેમને અભિનંદન પાઠવ્યા છે.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરી અને વાંટડા મુકામે જરૂરીયાતમંદ લાભાર્થીઓને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ચોખા, ચા, મગ, સાબુ અને એલઈડી બલ્બ જેવી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ વિતરીત કરાઈ હતી. છાત્રેશ્વરીમાં દર રવિવારે યોજાતા ખીચડી શાકના સેવાકાર્ય માટે ચોખા ૨૫ કિગ્રા, મગદાળ ૧૦ કિગ્રા, ૫ લીટર કપાસીયા તલે, મરચું, હળદર વગેરે પણ રસોઈ બનાવનાર બહેનને અપાયું હતું. આ સેવાકાર્યમાં શ્રુતિ ગુપ્તે, મિલિન્દભાઈ ગુપ્તે અને વસાવાભાઈએ સહયોગ આપ્યો હતો જયારે બલ્બ દિપકભાઈ શાહ તરફથી મળ્યા હતા.



શ્રી ગોગા મહારાજ પરીવાર - વાવોલના આંગણે પાંચમો વાર્ષિક પાટોત્સવ યોજવામાં આવ્યો હતો અને પ્રસંગના ભાગરૂપે પ્રસાદીનું આયોજન લાલ ગ્રીન પાર્ટી પ્લોટ - કોલવડા ખાતે રાખવામાં આવ્યું હતું અને અંતે ભોજન પ્રસાદ વધતા શ્રી ગોગા મહારાજ ના સેવક એવા સંદિપ ઉદયભાઈ પટેલ(કોલવડા) દ્વારા રાધે રાધે પરીવાર ગાંધીનગરને જાણ કરતા વધેલું તમામ ભોજન ગ્રુપના મિત્રો અને સંદિપ પટેલ દ્વારા ગાંધીનગરના અલગ અલગ જરૂરિયાતમંદ લોકોને ભોજન પીરસી શ્રી ગોગા મહારાજ પરિવાર અને તેમના સેવકો દ્વારા એક ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



**ભાવિન પટેલ**
સંચાલક, પનઘટ કલા કેન્દ્ર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૫૭૫૫૬



**નરેન્દ્રકુમાર શિવાભાઈ પટેલ**
પ્રમુખ, શ્રી નારદીપુર ૪૨ ગામ કડવા પાટીદાર પરિવાર
અમદાવાદ-ગાંધીનગર
મો.૭૬૯૮૮ ૯૨૯૨૨



**ગુંજન પટેલ**
મો.૯૪૦૯૨ ૮૪૩૧૭



**ડો. ભાગીરથી કેતન ભટ્ટ**
અધ્યાપક, રાષ્ટ્રભાષા કોલેજ, એલિસબ્રિજ, અમદાવાદ
મો. ૯૪૨૬૫ ૭૨૦૪૧



**શોભનાબા એ. વાઘેલા**
ટ્રસ્ટી, શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૪૮



**જયદેવ ભાવસાર**

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પટેલ વિઠ્ઠલભાઈ પ્રભુદાસ** ઉ.વ. ૬૭, ચિલોડા મોટા
- **સ્વ. પટેલ ચંચળબેન ભીખાભાઈ** ઉ.વ. ૭૬, સેકટર-૨૩
- **સ્વ. નાવડિયા શાંતાબેન અરજણભાઈ** ઉ.વ. ૮૫, સેકટર-૨૯
- **સ્વ. આચાર્ય સરલાબેન દિનકરભાઈ** ઉ.વ. ૮૭, સેકટર-૨૭

## સેકટર-૧૪ સરદાર પટેલ કોલોની ખાતેથી બાઈકની ચોરી

શહેરના સેકટર-૧૪ સરદાર પટેલ હાઉસીંગ બોર્ડના એચઆઈજી કક્ષાના મકાન નં. ૨-૧૮ ખાતે રહેતા શશીકાંત પરમાર રહે છે. ગત તા.૧૫ ના રોજ સાંજના ૬ વાગે તેઓએ પોતાનું હીરો પેશન બાઈક નં. જી.જે.૧૮.એ.એન.-૭૯૫૭ પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે સવારે ઉઠીને જોયુ તો કોમન ચોકમાં પાર્ક કરેલ બાઈક જગ્યા પર ન હતું. બાઈક માલિકે બાઈકની શોધખોળ આદરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી બાઈક માલિકે સે-૨૧ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.